**નેત્રંગમાં ૨૧ પંચાયત માટે ૫ કરોડની ગ્રાન્ટ, પણ વડપાનનું નવું ભવન ૨ વર્ષથી 'રામભરોસે'**

## વહીવટ વેન્ટિલેટર પર!

**વિકાસની ફક્ત વાતો**

**જીવના** જોખમે કામ કરતા તલાટી તાલુકા કચેરીમાં બેસવા મજબૂર; શું તંત્ર કોઈ મોટી હોનારતની રાહ જુએ છે?

**વડપાન** ગ્રામ પંચાયતનું બિલ્ડિંગ ૨૪ મહિનાથી અધૂરું; એજન્સીઓના પાપે ગ્રામજનોનાં કામો ખોરંભાયાં

**વારંવાર** નોટિસ આપવા છતાં એજન્સીએ જવાબ ન આપ્યો, સરકારી તંત્રની નબળી પકડને કારણે કામ અટવાયું


પ્રદીપ ગુર્જર

### મનરેગા યોજના હેઠળ કામગીરી ચાલી રહી છે: ટીડીઓ યોગેશ પવાર

આ અંગે તાલુકા વિકાસ અધિકારી (TDO) યોગેશ પવાર અને મનરેગા વિભાગના એ.પી.ઓ. જયેન્દ્ર માત્રોજાનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, આ કામગીરી મનરેગા યોજના હેઠળ ચાલી રહી છે. મટિરિયલ્સ સપ્લાય માટે 'સંજય ડી. પટેલ' (નર્મદા) નામની એજન્સીનું ટેન્ડર પાસ થયું હતું. તંત્ર દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૬માં બે વાર લેખિત નોટિસ આપવા છતાં એજન્સીએ કોઈ ખુલાસો કે પુરવઠો આપ્યો નથી. આખરે, હવે 'ગુરુકૃપા એજન્સી'ને મટિરિયલ્સ સપ્લાયની જવાબદારી સોંપવામાં આવી છે. અધિકારીઓએ ખાતરી આપી છે કે ટૂંક સમયમાં જ બાકી રહેલું કામ ફરી શરૂ કરવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે ગ્રામજનોને હકીકતમાં નવું ભવન ક્યારે મળે છે.

નેત્રંગ: નેત્રંગ તાલુકાના નેત્રંગ-રાજપારડી રોડ પર આવેલી વડપાન (ફોકડીગામ) ગ્રુપ ગ્રામ પંચાયતનું નવું બિલ્ડિંગ છેલ્લાં બે વર્ષથી મંજૂર થયા હોવા છતાં તંત્રની ઘોર બેદરકારીને કારણે હજુ સુધી પૂર્ણ થઈ શક્યું નથી. જેના પરિણામે ગ્રામ પંચાયતનો વહીવટ ખોરંભાયો છે અને તલાટી કમ મંત્રીને જીવના જોખમે કામ કરવાની ફરજ પડી રહી છે.

વડપાન ગ્રામ પંચાયતનું જૂનું ભવન અત્યંત જર્જરિત થઈ ગયું છે. ચોમાસામાં અને સામાન્ય દિવસોમાં પણ સ્લેબના પોપડા મોટા પ્રમાણમાં ખરી રહ્યા છે. અકસ્માતનો ભય હોવાથી તલાટી હાલ નેત્રંગ ખાતેની તાલુકા પંચાયત કચેરીમાં બેસીને ગ્રામીણ કામગીરી કરવા મજબૂર બન્યા છે. એક તરફ સરકાર વિકાસની ગુલબાંગો ફૂંકી રહી છે અને તાલુકાની અન્ય ૨૧ પંચાયતો માટે રૂ.૫.૨૫ કરોડની નવી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, ત્યારે બીજી તરફ બે વર્ષથી ચાલી રહેલું વડપાન પંચાયતનું કામ કયા કારણોસર અટવાયેલું છે તે મોટો પ્રશ્ન છે.

## ઢોલાર ગામે બે બાઈક અથડાતાં પિતા-પુત્ર ઘાયલ

રાજપીપળા: નાંદોદના ઢોલાર ગામ પાસે બે બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં બેને ફ્રેક્ચર સહિતની ગંભીર ઈજા પહોંચી હતી. ગઈકાલે સાંજે અવિશકુમાર વસાવા નોકરી પૂરી કરી ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમના પિતા અશોકભાઈ વસાવા (ઉં.વ.45) તેમને લેવા માટે બાઈક નં.(GJ-22-N-7590) લઈને આવી રહ્યા હતા. આ દરમિયાન ઢોલાર ગામના જ રણજીતભાઈ જશુભાઈ વસાવાએ પોતાની બાઈક નં. (GJ-22-E-4301) પૂરઝડપે રીતે હંકારી અશોકભાઈની બાઈક સાથે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં અશોકભાઈને જમણા પગે અને દાઢી તથા રણજીતભાઈને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. બંનેને વધુ સારવાર માટે વડોદરાની SSG હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ મામલે આમલેથા પોલીસે રણજીતભાઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### નેત્રંગમાં પેવર બ્લોકનો રસ્તો શોધવા માટે ધૂળ હટાવવી પડશે!


પ્રદીપ ગુર્જર

■ નેત્રંગ: નેત્રંગ નગરના વિવિધ વિસ્તારોમાં પેવર બ્લોક નાંખવાની કામગીરી ગતિમાં છે, પરંતુ તેમાં ગુણવત્તાના નામે મીંડું જોવા મળી રહ્યું છે. જાન્યુઆરી-૨૦૨૬માં જલારામ-તુલસી ફળિયાને જોડતા માર્ગ પર જૂના પેવર બ્લોક હટાવી નવા નાંખવાની કામગીરી હાથ ધરાઈ હતી. આ દરમિયાન માર્ગ નીચેની ગટર લાઈનના બે પાઈપ તૂટેલી હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. રહીશો દ્વારા ગત ૨૦મી જાન્યુઆરીના રોજ સોશિયલ મીડિયા અને લેખિત રજૂઆતો દ્વારા નેત્રંગ તાલુકા પંચાયતના ઇનચાર્જ TDO તથા માર્ગ-મકાન વિભાગના એડિશનલ આસિસ્ટન્ટ એન્જિનિયરનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. જો કે, તૂટેલી પાઈપ લાઈન પર જ પેવર બ્લોક ફિટ કરી દીધા છે. એટલું જ નહીં, બ્લોક લેવલમાં બેસાડવા માટે વાઈબ્રેટર મશીનનો ઉપયોગ કરવો અનિવાર્ય હોવા છતાં તેનો ઉપયોગ કરાયો નથી. પરિણામે બ્લોક ઉખડી જવાની ભીતિ સેવાઈ રહી છે. કામગીરી પર ડસ્ટ નાંખી દેવાતાં આ રસ્તો પેવર બ્લોકનો ઓછો અને ધૂળિયો માર્ગ વધુ લાગે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ચાસવડ ખાતે કૃષિ અને ગ્રામ્ય વિકાસ પર પોસ્ટ-બજેટ વેબિનાર યોજાયો

ભરૂચ: ચાસવડ ખાતે આવેલા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) દ્વારા કૃષિ અને ગ્રામ્ય પરિવર્તન વિષયક પોસ્ટ-બજેટ વેબિનારનું આયોજન કરાયું હતું. શનિવારે યોજાયેલા આ કાર્યક્રમનું લાઇવ ટેલિકાસ્ટમાં દેશના PM નરેન્દ્ર મોદીનું સંબોધન સાંભળ્યું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં મહિલા સશક્તિકરણ પર ખાસ ભાર મૂકતાં, આ વેબિનારમાં 'SHE માર્ટ' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં KVKના ઇનચાર્જ ડો.લલિત પાટીલે વેબિનારના ઉદ્દેશ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી. ત્યારબાદ KVKના વૈજ્ઞાનિક દેવેન્દ્ર મોદી અને વૈજ્ઞાનિક હર્ષદ વસાવાએ પણ માર્ગદર્શન આપ્યું હતું. આ વેબિનારમાં જિલ્લા કેટલાંક ગામોમાંથી 200 જેટલાં ખેડૂતો ભાઈઓ-બહેનો સહિત કૃષિ અધિકારીઓએ ભાગ લીધો હતો.

### કાછલ ગામે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ભવ્ય ઉજવણી


મેહુલ પટેલ

અનાવલ: મહુવાના કાછલ ગ્રામ પંચાયત દ્વારા મહુવા ટીડીઓ મિલન પાવરાના અધ્યક્ષ સ્થાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ યોજાયો હતો. આ પ્રસંગે ગામના સરપંચ કલ્પનાબેન ચૌધરી દ્વારા ટીડીઓનું સ્વાગત કરાયું હતું. મહિલા સરપંચે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે કાછલ ગ્રામ પંચાયત સંપૂર્ણ મહિલા સમરસ ગ્રામ પંચાયત છે અને સમગ્ર મહિલા ટીમ ગામનો વહીવટ સંભાળી રહી છે. કાછલ ગામની પરંપરાગત તેમજ વિવિધ વ્યવસાય સાથે જોડાયેલી આત્મનિર્ભર અને પ્રગતિશીલ મહિલાઓનું ગ્રામ પંચાયત કાછલ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ખજૂરીના છોડમાંથી સાવરણી બનાવતી બહેનો, શાકભાજી વેચતી મહિલાઓ, સિવણકામ કરતી બહેનો, બ્યુટી પાર્લર ચલાવતી મહિલાઓ, પશુપાલન કરતી તથા નાના-મોટા વ્યવસાય સાથે જોડાયેલી આત્મનિર્ભર પ્રગતિશીલ તમામ મહિલાઓને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. બાદ મહુવા ટીડીઓના હસ્તે "સખી પિંક રૂમ"નું વિધિવત્ ઉદ્ઘાન કરવામાં આવ્યું હતું.

### મોખડીની પ્રિયાને બાળકલાકાર ગોલીના હસ્તે એવોર્ડ



ભરૂચ: વિશ્વ મહિલા દિવસની પૂર્વ સંધ્યાએ ભરૂચ જિલ્લાના આદિવાસી પટ્ટામાં આવેલા એક નાનકડા ગામની દીકરીએ પોતાની અનોખી પ્રતિભાના જોરે ગુજરાતમાં ધ્યાન ખેંચ્યું છે. વાલિયાના મોખડી ગામનાં 24 વર્ષીય પ્રિયા રમેશભાઈ ગામીતને તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના લોકપ્રિય બાળકલાકાર 'ગોલી'ના હસ્તે ગુજરાત સીને મેજિક એવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. પ્રિયાએ સોશિયલ મીડિયા પર આદિવાસી સંસ્કૃતિ અને લોકગીતોને આધુનિક અંદાજમાં રજૂ કરતી અસરકારક રીલ્સ બનાવીને પોતાની એક અલગ છાપ ઊભી કરી છે. નાનકડા ગણાતા મોખડી ગામની વતની પ્રિયા ગામીતે પ્રાથમિક શિક્ષણ ગામમાં જ લીધું હતું અને માધ્યમિક શિક્ષણ એન.ડી.દેસાઈ હાઈસ્કૂલમાંથી પૂર્ણ કર્યું હતું. બાદ તેણીએ અંકલેશ્વરથી પેરામેડિકલ (નર્સિંગ)નો અભ્યાસ કર્યો અને હાલમાં તે અંકલેશ્વરમાં લેબ ટેકનિશિયન તરીકે ફરજ બજાવે છે. પ્રિયાએ પણ 'હનુમાન સદા સહાયતે' કેપ્શન સાથે જલેબી હનુમાનના દર્શન પર આધારિત એક અદભૂત રીલ્સ બનાવી હતી, જેને હનુમાન ભક્તો તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો.

### માંડવીમાં રૂ.20.42 કરોડનાં વિકાસ કાર્યોનું લોકાર્પણ


હિતેશ પટેલ

માંડવી: માંડવી નગરપાલિકા દ્વારા શહેરમાં રૂ.20.42 કરોડના વિવિધ વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમૂહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડો.બાબાસાહેબ આંબેડકરની પૂર્ણ કદ પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું, તેમજ પ્રેમશંકર ભટ્ટ ઉદ્યાનના નવીનીકરણ બાદ તેનું લોકાર્પણ કરાયું હતું. આ કાર્યક્રમમાં કુલ રૂ.20,42,22,944ના ખર્ચે હાથ ધરાયેલાં વિકાસ કાર્યોને લીલી ઝંડી આપવામાં આવી હતી. નગરપાલિકા દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં શહેરના સર્વાંગી વિકાસ માટેના વિવિધ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ પ્રસંગે માંડવી નગરપાલિકા વિસ્તારમાં પાણી પુરવઠા યોજનાના વિવિધ કામો, અંબાજી રોડ પર સ્ટ્રીટ લાઈટ સહિતની સુવિધાઓ અને અંધારા વિસ્તારોમાં પાણી પુરવઠા સુધારણા જેવા વિકાસ કાર્યોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, શહેરના વિકાસને ધ્યાનમાં રાખીને માંડવી નગરપાલિકા ખાતે રાઉન્ડ હાઉસમાં સુધારા-વધારા તેમજ વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ, રસ્તા અને અન્ય સુવિધાઓના કામો માટે ખાતમૂહૂર્ત પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકા પ્રમુખ નિમેષભાઈ શાહ, પૂર્વ પાલિકા પ્રમુખ અને જિલ્લા મહામંત્રી જગદીશ પારેખ, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિ, સાંસદ પ્રભુભાઈ વસાવા સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## કુકરમુંડામાં એસટી બસનું ભાડું 'એક્સપ્રેસ'નું, ઝડપ 'લોકલ'ની!

**કુકરમુંડા**-નિઝરના મુસાફરોને લુંટાવાનું? 175 કિમી કાપતા 5 કલાક થતાં લોકરોષ

**જાગૃત** નાગરિકોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું, બસ સેવામાં સુધારાની માંગ

કુકરમુંડા: કુકરમુંડા તાલુકાના જાગૃત નાગરિકોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી GSRTC એક્સપ્રેસ બસ સેવામાં સુધારો લાવવા માંગ કરી છે. નાગરિકોના જણાવ્યા મુજબ કુકરમુંડા અને નિઝરથી સુરત સુધીનું અંતર આશરે 175 કિલોમીટર છે, પરંતુ આ અંતર કાપવા માટે GSRTC એક્સપ્રેસ બસને લગભગ પાંચ કલાક જેટલો સમય લાગી રહ્યો છે. નાગરિકોના કહેવા મુજબ જો આ સમયને આધારે સરેરાશ ઝડપ ગણવામાં આવે તો બસની ઝડપ લગભગ પ્રતિ કલાક 35 કિલોમીટર જેટલી થાય છે, જે ઝડપ સામાન્ય રીતે લોકલ બસોની સમકક્ષ ગણાય છે. છતાં મુસાફરો પાસેથી એક્સપ્રેસ બસ મુજબનું ભાડું વસૂલવામાં આવે છે, જેના કારણે મુસાફરોને ભારે અસુવિધા ભોગવવી પડે છે. તાલુકાના નાગરિકોએ રજૂઆતમાં જણાવ્યું છે કે, એક્સપ્રેસ બસ હોવા છતાં ઘણાં સ્થળોએ સ્ટોપ આપવામાં આવતાં હોવાથી મુસાફરીનો સમય વધે છે અને સેવા લોકલ બસ જેવી બની જાય છે. જેના કારણે તાલુકાના લોકોને રોજિંદી મુસાફરીમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

આથી નાગરિકોએ માંગ કરી છે કે એક્સપ્રેસ બસોના અનાવશ્યક સ્ટોપ બંધ કરવામાં આવે અને GSRTC દ્વારા એક્સપ્રેસ તથા લોકલ બસ સેવાનો કડક રીતે પાલન કરવામાં આવે. જેથી મુસાફરોને યોગ્ય અને ઝડપી સેવા મળી રહે.

## 'તારું કામ છે, તું રસ્તામાં નીકળ' કહી માલ ગામે યુવકને માર માર્યો

**યુવકને** માથામાં ગંભીર ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયો

ડેડિયાપાડા: ડેડિયાપાડાના માલ ગામે પાટફળિયુ વિસ્તારમાં હોળીના તહેવાર દરમિયાન એક યુવકને ચાર જણાએ મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ગામના જ ચાર શખ્સે એક યુવક સાથે મારપીટ કરી તેના માથાના ભાગે ઈજા પહોંચાડતાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ અંગે નરેશભાઈ ડેમસિંગભાઈ વસાવા (ઉં.વ.21) ખેતમજૂરી કરે છે. તા.૩ માર્ચે રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં ફરિયાદી પોતાના મિત્રો સાથે ફળિયામાં ભીમસિંગભાઈ વસાવાના ઘર પાસે હોળીનું ઘેર ઉઘરાવી રહ્યો હતો. એ વખતે ગામના જ જિતેન્દ્રભાઈ કિશનભાઈ વસાવા, ધર્મેન્દ્રભાઈ હુરજીભાઈ વસાવા, પ્રતાપભાઈ અમરસિંગભાઈ વસાવા અને અશ્વિનભાઈ શનિયાભાઈ વસાવા તેઓના ફળિયામાં ઘેર ઉઘરાવવા આવ્યા હતા. જેમાં જિતેન્દ્ર વસાવાએ યુવક નરેશ વસાવા સાથે બોલાચાલી શરૂ કરતાં કહ્યું હતું કે, તારું કામ છે, તું રસ્તામાં નીકળ. ત્યારબાદ આરોપીઓએ ફરિયાદીને ગાળો આપી, ધક્કામુક્કી કરી અને ચારેય ઈસમ દ્વારા માર મારવાનું શરૂ કરી દીધું હતું. આરોપી ધર્મેન્દ્રભાઈએ પોતાના હાથમાં પહેરેલ ધાતુના કડાથી ફરિયાદીના માથાના કપાળના ભાગે મારતાં તેને ગંભીર ઈજા થતાં લોહી નીકળતું હતું. જતા જતા આરોપીઓએ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનામાં ઘાયલ થયેલ નરેશભાઈને તેના મિત્રો અને કાકા દ્વારા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ બોલાવી સરકારી દવાખાના મોસદા ખાતે લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરે તેના માથાના ભાગે બે ટાંકા લીધા હતા. જે બાબતે ડેડિયાપાડા પોલીસે ચારેય ઈસમો સામે મારામારી અને જાનથી મારી નાંખવાની ધમકી આપતાં ગુનો નોંધ્યો હતો.

### BABS હાઈસ્કૂલના ત્રણ વિદ્યાર્થીની સિદ્ધિ



બારડોલી : બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બારડોલી ઔદિચ્ય બ્રાહ્મણ સાર્વજનિક હાઈસ્કૂલના પાંચ વિદ્યાર્થીએ શાળાના આચાર્ય ચેતના જે. અધેરાના માર્ગદર્શન હેઠળ ઈન્સ્પાયર એવોર્ડ યોજના-માનક 2025-26 અંતર્ગત પોતાના નવીન વિજ્ઞાન પ્રોજેક્ટ સાથે નામાંકન કર્યું હતું. આ યાદીમાં શાળાના ત્રણ વિદ્યાર્થીઓ – સમ્યક અંકુર શાહ, વંશ કલ્પેશભાઈ ચાંપાનેરીયા અને ઉર્વશી સંતોષભાઈ આહીરે પોતાની નવીન કૃતિઓ દ્વારા પસંદગી પામ્યાં છે, જે બારડોલી તથા સુરત જિલ્લા માટે ગૌરવની બાબત બની છે. પસંદ થયેલ વિદ્યાર્થીઓને રૂ.10,000નો પ્રોત્સાહક રોકડ પુરસ્કાર સીધો તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

## ભાણદ્રા ગામમાં ઝાડ કાપવા બાબતે પિતા-પુત્ર ઉપર હુમલો

**સાગનાં** ઝાડ કેમ કાપો છો? કહી મારામારી, ચાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ

રાજપીપળા: ગરૂડેશ્વર તાલુકાના ભાણદ્રા ગામમાં ખેતરના શેઢા પર ઝાડ કાપવા જેવી નજીવી બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં એક વ્યક્તિને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતાં ચાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગરૂડેશ્વરના ભાણદ્રા ગામના ગજુભાઈ તડવી ગત ૨૮ ફેબ્રુઆરીએ સાંજે પાંચ વાગ્યાના અરસામાં પોતાના ખેતરના શેઢાની સાફસફાઈ કરી રહ્યા હતા. દરમિયાન ગામના જ રોડ ફળિયામાં રહેતા યોગેશભાઈ મનસુખભાઈ તડવીએ ત્યાં આવી 'સાગનાં ઝાડ કેમ કાપો છો? આ ઝાડ અમે વાવેલા છે.' આથી ગજુભાઈએ કહ્યું હતું કે, હું મારા ખેતરના શેઢા પરથી વધારાનાં લાકડાં કાપું છું. તમારો કોઈ લીલાં ઝાડ કાપતો નથી? તેમ કહેતાં યોગેશભાઈએ ગાળાગાળી શરૂ કરી હતી. ઝઘડાનો અવાજ સાંભળી ગજુભાઈનો પુત્ર રવિન્દ્રભાઈ ઉર્ફે મુકેશભાઈ ત્યાં પહોંચતાં મામલો વધુ બિચક્યો હતો. આ સમયે અન્ય આરોપીઓ અશોકભાઈ મનસુખભાઈ તડવી, ટીનીબેન સલીમભાઈ તડવી અને ફિરોજભાઈ સલીમભાઈ પઠાણ પણ ત્યાં આવી પહોંચ્યાં હતાં અને ઝપાઝપી શરૂ કરી હતી. જ્યારે રવિન્દ્ર પોતાના પિતાને બચાવી પોતાની દુકાન પાસે લઈ જઈ રહ્યો હતો, ત્યારે આરોપીઓએ પાછળથી આવી હુમલો કર્યો હતો. આરોપી યોગેશભાઈએ લોખંડ કે લાકડાના ડંડા વડે રવિન્દ્રભાઈના માથામાં ફટકો મારતાં ગંભીર ઈજા થઈ હતી, જેમાં તેમને ૪ ટાંકા આવ્યા હતા. ઉપરાંત આરોપીઓએ હવે પછી ક્યારેય શેઢા પર જોવા મળશો નહીં, નહીંતર તારું પૂરું કરી દઈશ કહી જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. યોગેશભાઈ (કૌટુંબિક મામા) થતા હોવાથી શરૂઆતમાં પારિવારિક સંબંધોને કારણે ફરિયાદ ટાળી હતી, પરંતુ અંતે સુરક્ષાનાં કારણોસર રવિન્દ્રભાઈએ ગરૂડેશ્વર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. આ બાબતે ગરૂડેશ્વર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભરૂચ જિલ્લામાં ગરમીનો પારો ચઢ્યો, અંકલેશ્વરમાં 36 ડિગ્રી

**આગામી** ચાર દિવસમાં તાપમાન 41 ડિગ્રી સુધી પહોંચવાની આગાહી

અંકલેશ્વર: ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ખાસ કરીને અંકલેશ્વર પંથકમાં ગરમીનું પ્રમાણ વધી જતાં લોકો બપોરના સમયે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. ઉનાળાની ઋતુની શરૂઆત સાથે જ ગરમીનો અહેસાસ વધી રહ્યો છે. અંકલેશ્વરમાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન 36 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 21 ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. તાપમાનમાં વધારો થતાં ભેજનું પ્રમાણ ઘટીને આશરે 16 ટકા નોંધાયું હતું. આ સાથે પવનની ગતિ સરેરાશ 8 કિલોમીટર પ્રતિ કલાક રહી હતી. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી ચાર દિવસ દરમિયાન તાપમાનમાં વધુ વધારો થઈ મહત્તમ તાપમાન 41 ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. દરમિયાન અંકલેશ્વરનાં વિવિધ ઔદ્યોગિક એકમોને પણ સૂચિત કરવામાં આવ્યાં છે કે વધુ પડતી ગરમી વધવાને કારણે ખાસ કરીને કુલિંગ ઈક્વિપમેન્ટને દુરસ્ત રાખવા. જેથી શોર્ટ સર્કિટ કે અન્ય હિટિંગને રોકી શકાય. બીજી તરફ ગરમી વધતા ખેડૂતોને ખેતી પાકમાં જરૂરી મુજબ પિયત આપવા તેમજ પવનની ગતિને ધ્યાનમાં રાખીને પાકમાં દવાનો છંટકાવ કરવાની સલાહ આપવામાં આવી છે.

## વાલિયામાં ટ્રેઝરી કચેરી બંધ થતાં લોકોને અંકલેશ્વરના ધરમધક્કા

**અધેસીવ** સ્ટેમ્પના કામ માટે લોકોને 25 કિલોમીટર દૂર જવાનો વારો

ભરૂચ: વાલિયાના લોકોને હવે ટ્રેઝરી કચેરીના કામ માટે છેક અંકલેશ્વર સુધીનો ધરમધક્કો ખાવાનો વારો આવ્યો છે. અહીંની મામલતદાર કચેરી પરિસરમાં કાર્યરત ટ્રેઝરી કચેરી જર્જરિત મકાનના કારણે બંધ કરી દેવામાં આવી છે, જેના કારણે અધેસીવ સ્ટેમ્પ લેવા લોકોને 25 કિમી દૂર અંકલેશ્વર જવું પડી રહ્યું છે.

વાલિયા મામલતદાર કચેરી વર્ષોથી મેઈન બજાર વિસ્તારમાં કાર્યરત હતી. તે જ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ટ્રેઝરી કચેરી અને સ્ટ્રોંગરૂમ પણ હતો. જો કે, આ જૂની ઈમારત જર્જરિત થઈ જતાં અને તેના પોપડા ખરવા લાગતાં હાલમાં જ મામલતદાર કચેરીનું શિફ્ટિંગ જૂની કોર્ટ બિલ્ડિંગમાં કરવામાં આવ્યું છે. પરંતુ આ નવી જગ્યાએ ટ્રેઝરી કચેરી માટે જરૂરી સ્ટ્રોંગરૂમની સગવડ ન હોવાને કારણે ટ્રેઝરી કચેરી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી છે.

હવે વાલિયા તાલુકાના લોકોએ ટ્રેઝરી સંબંધિત તમામ વ્યવહારો માટે અંકલેશ્વર ખાતે આવેલી કચેરીનો સંપર્ક કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ખાસ કરીને અધેસીવ સ્ટેમ્પ ખરીદવા જેવા કામ માટે લોકોએ 25 કિલોમીટરનો આંટો મારીને સમય બગાડીને મુસાફરીના ખર્ચનો બોજો વેઠવો પડી રહ્યો છે. ઘણા સમયથી વાલિયા તાલુકા માટે 'તાલુકા સેવાસદન'ની માંગ કરવામાં આવી રહી છે. નોંધનીય છે કે, ભરૂચ જિલ્લામાં નેત્રંગ સહિત આઠ તાલુકાઓમાં તાલુકા સેવાસદન બની ગયાં છે, પરંતુ વાલિયા હજુ પણ આ સુવિધાથી વંચિત છે. જ્યાં સુધી વાલિયામાં ટ્રેઝરી કચેરી માટે યોગ્ય અને સુરક્ષિત સ્ટ્રોંગરૂમની વ્યવસ્થા થતી નથી, ત્યાં સુધી આ કચેરી શરૂ કરવાનું મુશ્કેલ છે. જો આવી જ સ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે, તો વાલિયાના લોકો ટ્રેઝરી કચેરી કામ માટે સતત હેરાનગતિનો સામનો કરવો પડશે અને તેમના સમય તથા આર્થિક સંસાધનોનો બગાડ થતો રહેશે.

## રિક્ષા ચોર 'સુનીલ' નહીં પણ નામચીન 'રાજેન્દ્ર' નીકળ્યો!

**પાનોલીમાંથી** રિક્ષા સાથે પકડાયેલા તસ્કરે ચોરી માટે ખોટું આધારકાર્ડ બનાવ્યું હતું

અંકલેશ્વર: પાનોલી પોલીસ દ્વારા તાજેતરમાં રિક્ષા ચોરીના ગુનામાં ઝડપી પાડવામાં આવેલા આરોપી અંગે તપાસ દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો છે. આરોપીએ પોતાની સાચી ઓળખ છુપાવવા માટે બનાવટી આધારકાર્ડ તૈયાર કરાવ્યું હોવાનું બહાર આવ્યું છે.

બે દિવસ અગાઉ પાનોલી પોલીસે મૂળ ડેડિયાપાડાનો અને હાલ સુરતના અરેઠ વિસ્તારમાં રહેતો સુનીલ વસાવે નામનો શખ્સ ચોરીની રિક્ષા સાથે ઝડપી પાડ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે પોતાનું નામ સુનીલ વસાવે હોવાનુ જણાવી આધારકાર્ડ સહિતના દસ્તાવેજો પોલીસ સમક્ષ રજૂ કર્યા હતા. પરંતુ પોલીસ દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતાં ચોંકાવનારી હકીકત સામે આવી હતી. તપાસમાં રિક્ષા, બાઈક અને કાર સહિતનાં વાહનોની ચોરીના કુલ ૮ ગુનામાં તેની સંડોવણી બહાર આવી હતી. પોલીસ દ્વારા આરોપીના દસ્તાવેજો ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં ચકાસણી માટે મોકલવામાં આવતાં ખુલાસો થયો કે આરોપીનું સાચું નામ રાજેન્દ્ર વસાવા છે. આરોપીએ પોતાની ઓળખ છુપાવવા માટે સુનીલ વસાવે નામથી ખોટું આધારકાર્ડ બનાવડાવ્યું હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે ફરી પૂછપરછ કરતાં આરોપીએ કબૂલાત કરી હતી કે, આ નકલી આધારકાર્ડ સુરતના મોસાલી વિસ્તારમાં આવેલા એક ફોટો સ્ટુડિયોમાં બનાવડાવ્યું હતું. આ માહિતીના આધારે પોલીસે કાર્યવાહી કરતાં મોસાલી ખાતે નકલી આધારકાર્ડ બનાવનાર ફોટો સ્ટુડિયો સંચાલક હરેશ મોદીને પણ ઝડપી પાડ્યો હતો. આરોપીને પાનોલી પોલીસ સ્ટેશન ખાતે લાવી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે એક દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં હતાં.